સંપત્તિથી કદાચ મકાન ભરાય પણ મન તો સંતોષથી જ ભરાય...!

જીવન સરગમ
બિન્દુબેન કચરા

સંપત્તિ પ્રત્યેની અમાપ- બેહદ ઝંખના ધરાવનારાઓ પર માર્મિક કટાક્ષ કરતું એક કાવ્ય વાંચ્યું કે...

એક નેતાની ફાંદ વધી
ડૉક્ટરે ઓપરેશનની સલાહ દીધી.
ઓપરેશન કરીને જોયું
તો એમાં લાંચ લીધાની ગાંઠો હતી,
બે નંબરની નોટો હતી.
ડૉક્ટરે બગાડ કાઢી જુદો કર્યો,
નેતાએ એ પાછો ગજવે ભર્યો
એ જોઈ ડૉક્ટર મૂર્છિત થયો.

આ કટાક્ષ કાવ્યમાં લાંચને અને બે નંબરની નોટને (એટલે કે અનીતિની સંપત્તિને) જે બગાડ શબ્દની ઉપમા અપાઈ છે એ ખાસ વિચારવા જેવી છે. બગાડ જેમ નુકસાનકર્તા છે, યાદ રહે કે પેટનો બગાડ તનના-શરીરના સ્તરે નુકસાન કરે છે, મનના સ્તરે નુકસાન કરે જ એવો નિયમ નથી. વ્યક્તિ સહનશીલ-સમજુ, સમતાધારી હોય તો બગાડથી થયેલ શારીરિક નુકસાનના સમયે મનને સ્વસ્થ, મસ્ત રાખી શકે. જ્યારે અનીતિની સંપત્તિરૂપ બગાડ તો તન અને મન બેય સ્તરે અવશ્ય નુકસાન કરે જ છે. વાસ્તવિક દૃષ્ટિએ વિચારીએ તો અનીતિની સંપત્તિ સર્વપ્રથમ મનના સ્તરે હાનિ શરૂ કરે છે અને પછી શારીરિક સ્તરે નુકસાન શરૂ કરે છે-

અનીતિની સંપત્તિ સર્વપ્રથમ માનસિક વિચારધારાને ભ્રષ્ટ કરી દે છે. એનાથી સન્માર્ગ-કુમાર્ગ- કર્તવ્ય- અકર્તવ્ય, પાપ-પુણ્ય, ઔચિત્ય-અનૌચિત્ય જેવી ભેદરેખા વિસારીને માનવી બેફામપણે પતન તરફ આગળ ધપે છે. પરિણામે સર્જાય છે, તન-મન-જીવનનાં ભયંકર નુકસાનો..!

જોઈએ હૃદયને કંપાવી જાય એવી વાત. એક નગરમાં બે મિત્રોએ સંયુક્ત વ્યાપાર શરૂ કર્યો, બંને પુરુષાર્થી, ચતુર અને જે માર્ગે પૈસો મળે એ માર્ગ અપનાવવા તૈયાર હતા. પુણ્ય-પાપ, નીતિ-અનીતિ સાથે એમને ઝાઝો સંબંધ નહોતો. એમને સંબંધ હતો કેવળ શ્રીમંતાઈ સાથે! એથી જ ધંધામાં ભોળા-ભલા ગ્રાહકો સાથે બેવફાઈ-દગો આચરતાં અચકાતાં ન હતા.

ઘણાં લોકો એવું માને છે કે સંતોષ માણસને પુરુષાર્થથી પાંગળો બનાવે છે, પ્રગતિ અને સતત પુરુષાર્થ માટે અસંતોષ આવશ્યક છે. એ લોકો પ્રગતિનો સાચો અર્થ સમજતા નથી. અસંતોષથી જે પ્રગતિ થાય છે તે ભૌતિક પ્રગતિ છે. આપણી પાસે જેટલું છે એનાથી સંતોષ માનો પણ આપણે જેવા છીએ એનાથી સંતોષી ન બનો

યોગાનુયોગ એવું બન્યું કે આ ઘટનાના એક વર્ષ બાદ એ મિત્રના ઘરે પુત્રજન્મ પણ થયો. અનીતિનું કોઈ દુષ્પરિણામ તો નહિ બલકે જાણે ઈનામ મળ્યું હોય એમ પુત્રજન્મ...! પેલો મિત્ર તો ખુશખુશાલ થઈ ગયો. એ માનવા માંડ્યો કે સંસારમાં- પાપ-પુણ્ય જેવું કાંઈ છે જ નહીં. અહીં તો ‘જેની લાઠી તેની ભેંસ’નો ન્યાય છે. એ વધુ ને વધુ અનીતિમાં ખેંચાતો ગયો.

બરાબર 24 વર્ષો બાદ એના પુત્રના લગ્ન રંગેચંગે થઈ ગયા અને પછી એકાએક જીવન ઝેર થઈ જાય એવો ધડાકો થયો! જેને નખમાંય રોગ ન હતો એ દીકરો માત્ર બે દિવસની માંદગીમાં મરણને શરણ થયો. એની નવોઢા પત્ની કાળજું કંપાવી દે એવું આક્રંદ કરતી હતી. પેલો દગાખોર પિતા ચિત્તભ્રમ થઈ ગયો હોય એ હદના લવારા કરવા માંડ્યો અને ભગવાનને ય ઠપકો દેવા માંડ્યો કે આના કરતાં તો ભગવાન દીકરો ન આપ્યો હોત તો સારું થાત!

પુણ્ય-પાપને ન માનનાર એ પિતા તો સ્તબ્ધ થઈ ગયો, કર્મરાજના આ અવળા હાથના તમાચાથી.

આ કરુણ ઘટના અનીતિની સંપત્તિના બે નંબરી નોટોના કારમા નુકસાનો દર્શાવી જાય છે! અને છતાંય પેલા કટાક્ષ કાવ્યમાં, એને ફરી ત્રાજવે ભરવાની નેતાની ચેષ્ટાના માધ્યમે દર્શાવ્યું છે તેમ, માનવી એને છોડવા તૈયાર થતો નથી.

એક વાત ચોક્કસ છે કે સંસારમાં રહેતી ગૃહસ્થ વ્યક્તિને ડગલ ને પગલે સંપત્તિની આવશ્યકતા રહે છે. એનાં કંઈ કેટલાંય કાર્યો એના વિના કદાચ આગળ ધપી શકતાં નથી પરંતુ એની સાથોસાથ એ નક્કર વાસ્તવિકતા ય ખ્યાલમાં લેવા જેવી છે કે ન્યાય-નીતિની સંપત્તિ જો નહિ હોય તો એનાથી વ્યક્તિ શાંતિનો શ્વાસ કદાપિ નહીં લઈ શકે. અનીતિની સંપત્તિ સાધનોનો ખડકલો કદાચ બેસુમાર કરી દેશે! નીતિની સંપત્તિ કદાચ સાધનો ઝાઝાં ન આપી શકે પણ શાંતિ, સંતોષ જરૂર ઝાઝાં આપી શકે.

પરિતોષ એ એવો મુગુટમણિ છે કે ભાગ્યશાળીને મસ્તકે બિરાજે છે અને અસંતોષના અધિકારને વધારે છે. સંતોષ એ એક પ્રકારની માનસિક પ્રસન્નતા છે, જે અસંતોષમાં નથી. અસંતોષી વ્યક્તિ એના સ્વભાવથી દુ:ખી થાય.

બે બહેનોની વાત જોઈએ. એક બહેનને બધી વાતમાં અસંતોષ, બીજી બહેન બધી વાતે સંતોષી. બંને બહેનો ઉંમરમાં સરખી-જોડિયાં, કપડાં સરખાં જોઈએ. એક જ સ્કૂલમાં એક જ કલાસમાં ભણે, અસંતોષી વારે વારે સ્કૂલમાં બધાં જોડે વાંધા પાડી ઝઘડો ઊભો કરે. પોતે જ વધારે હોંશિયાર, કોઈ બીજું પ્રથમ નંબર લઈ જાય તો અસંતોષની આગમાં જલે. એનું મિત્રવર્તુળ ઓછું. જ્યારે સંતોષી બેનને કોઈ જોડે ઝઘડા નહીં. તે માને કે મારી પાસે જે છે તેમાં હું ખુશ છું. કોઈની જોડે સરખામણી નહીં, બસ પોતાનામાં જ મસ્ત. બંને બહેનો બહાર ફરવા જવાની હોય તો સંતોષી બીજી બહેનને આગળથી પૂછી લે કે તું કયાં કપડાં પહેરવાની છે? પછી જ એ પોતાનાં કપડાં પસંદ કરી પહેરે. ખાવાપીવામાં પણ તેની કોઈ જીદ નહીં એટલે હંમેશ બધાંને પ્રિય. જ્યારે અસંતોષી બેન જ્યાં બેસે ત્યાં કંઈ ને કંઈ વિવાદ.. બંને મોટાં થયાં, પરણ્યાં. અસંતોષી બેન સાસરામાં બધાં જોડે અનુકૂળ ન થઈ શકી. છૂટાછેડાની નોબત આવી. જ્યારે સંતોષી બેન તો બધું જ ચાલશે, ભાવશે, ફાવશે, સ્વભાવમાં કોઈ કકળાટ નહીં, કોઈનો વાંક પણ સહન કરી લે. પરિણામે એ સાસરામાં વટથી રહેવા લાગી. જોયું સંતોષનું ખમીર ધરાવે તે અમીર...!

તો વાચકમિત્રો...! સુખનો સાચો પાયો સંતોષ છે. ખૂબ સંપત્તિ એટલે ખૂબ સુખી- એ વાત યોગ્ય નથી. સંપત્તિથી કદાચ મકાન ભરી શકાય પરંતુ મન તો સંતોષથી જ ભરી શકાય છે. ઘણાં લોકો એવું માને છે કે સંતોષ માણસને પુરુષાર્થથી પાંગળો બનાવે છે, પ્રગતિ અને સતત પુરુષાર્થ માટે અસંતોષ આવશ્યક છે. એ લોકો પ્રગતિનો સાચો અર્થ સમજતા નથી. અસંતોષથી જે પ્રગતિ થાય છે તે ભૌતિક પ્રગતિ છે. આપણી પાસે જેટલું છે એનાથી સંતોષ માનો પણ આપણે જેવા છીએ એનાથી સંતોષી ન બનો. મતલબ કે ભૌતિક સાધનો જેટલાં હોય એટલાથી સંતોષ માનો પણ આંતરિક સદગુણો ઓછા હોય તો અસંતુષ્ટ રહી વધારવાનો પ્રયાસ કરો.

‘સંતોષી નર સદા સુખી’

સુવર્ણરજ

સંતોષનું ખમીર ધરાવે તે અમીર
અસંતોષની આગ ભસ્મીભૂત કરે છે...
જીવનબાગ...!